## ફોજદારી કેસ નં- ૭૨૮૨૪/૨૦૧૩

## આંક-૧ લગત હુકમ

સદરહું કામનું રેકર્ડ ધ્યાને તથા વંચાણે લીધું.સદર કામે આરોપી સામે ગુનાનો આક્ષેપ છે તથા સદર ગુનો સમન્સ ટ્રાયેબલ ગુનો બને છે.તેમજ આરોપી સામે ચાર્જશીટ દાખલ થયેલ છે.જેથી આરોપી સામેનો કેસ પોલીસ રીપોર્ટ આધારે દાખલ થયેલ છે તથા આ ચાર્જશીટ દાખલ થયા બાદ આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવા સમન્સ/વોરન્ટ કાઢવા છતાં આરોપીને હાજર રાખવા પોલીસ એજન્સી સદંતર નિષ્ફળ રહેલ છે.તદ્ઉપરાંત આરોપીને હાજર ન રાખવા અંગે કોઇ યોગ્ય અને વ્યાજબી કારણ રજુ નથી.જેથી આરોપી સામેનો કેસ ઘણા સમયથી ચાલતો હોવા છતાં આરોપીને હાજર રખાવી શકેલ ન હોય તથા નજીકના ભવિષ્યમાં આરોપી મળી આવે તેવી કોઇ શક્યતા જણાતી ન હોય જેથી આવા સામાન્ય તથા વિશિષ્ટ સંજોગોમાં આરોપી વિરુદ્ધની ન્યાયીક કાર્યવાહી વિના વિલંબે આગળ ચલાવવી અત્યંત મુશ્કેલ અને અશક્ય જણાતી હોય ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૮ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

આથી ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૨૫૮ અન્વયે આરોપી/આરોપીઓ સામેની કાર્યવાહી પડતી મુકી,કાર્યવાહી બંધ કરવા હુકમ કરવામાં આવે છે.

વધુમાં આરોપી જ્યારે મળી આવે ત્યારે તેઓ સામેની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવા ફરીયાદ પક્ષને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૩૦૦(૫) હેઠળ પરવાનગી આપવામાં આવે છે.

ઉપરોક્ત હુકમ આજરોજ તારીખ- ૦૯ મી માહે-ડિસેમ્બર સને-૨૦૨૩ ના રોજ સ્પેશયલ સિટિંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી સભળાવી જાહેર કર્યો.

**તારીખ- ૦૯/૧૨/૨૦૨૩**
**સ્થળ-સુરત**

**(એમ.બી.ભાલીયા)**
**જી.જે.૦૧૪૭૬**
**૨૦ માં અધિક ચિફ જ્યુડિશિયલ**
**મેજિસ્ટ્રેટ,સુરત**